સમય સંદેશ
પ્રોપટી લે-વેચ, પ્રોડકટ, રોજગાર, જાહેર નોટીસ,વકીલ નોટીસ, પ્રેસનોટ, નામ ચેન્જ જેવી દરેક પ્રકારની જાહેરાત આપવા માટે
સમય સંદેશ કાર્યાલય
૫૩૬-પાંચમો માળ, ઈન્દ્રપ્રસ્થ, પંચેશ્વર ટાવર રોડ, જામનગર-૩૬૧૦૦૧
મો.૮૮૬૬૦૬૬૦૬૦



સમય તમારો, સંદેશ અમારો...

# સમય સંદેશ

જેઠ વદ - ૧૦-૧૧ ■ તંત્રી : અશોક એલ.રાઠોડ ■ સહ તંત્રી : રાજેશ એ.રાઠોડ

સમગ્ર ગુજરાતમાં વિશાળ વાંચક વર્ગ ધરાવતું જામનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક અખબાર


**આજનો સુવિચાર**

વ્યક્તિએ છેલ્લા શ્વાસ સુધી પ્રયત્ન કરવો જોઈએ, કાં તો લક્ષ્ય પ્રાપ્ત થશે અથવા અનુભવ બંને સારો છે!


વર્ષઃ ૧૧ ● અંકઃ ૨૨૦ ● તારીખઃ ૧૦.૦૭.૨૦૨૬, શુક્રવાર ● પાનાઃ૪ ● કિંમત રૂા. ૨.૫૦ ● SAMAY SANDESH DAILY MORNING NEWS PAPER ● POSTING: JAMNAGAR STG

E-MAIL: samaysandeshnewstv@gmail.com ● RNI NO. GUJ GUJ/2015/64531 ● POSTAL REGISTERED NUMBER GJN-228 ● OFFICE MOB. NO. 8866066060


### ‘મોદી.. મોદી.. મોદી..’ના નાદથી ગૂંજી ઉઠ્યું માર્વેલ સ્ટેડિયમ

## મેલબોર્નમાં પીએમ નરેન્દ્ર મોદીનું ‘કેમ છો...’ કહીને ગુજરાતીમાં સંવાદઃ પ્રવાસી ભારતીયો થયા ગદગદિત



**સમય સંદેશઃ ડેસ્ક**

ઓસ્ટ્રેલિયાના મેલબોર્નમાં આયોજિત એક ભવ્ય કાર્યક્રમમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે ત્યાં હાજર પ્રવાસી ભારતીયો સાથે ખાસ સંવાદ કર્યો હતો. પીએમ મોદીએ સ્ટેજ પરથી જ જનમેદનીને ગુજરાતીમાં ‘‘કેમ છો‘‘ અને તમિલમાં ‘‘વનક્કમ‘‘ કહીને આવકાર્યા હતા, જેનાથી સમગ્ર સ્ટેડિયમમાં ઉત્સાહનું મોજું ફરી વળ્યું હતું. પોતાની વાતચીતની શરૂઆતમાં જ ભારતીય પરંપરાગત શુભેચ્છાઓનો ઉપયોગ કરીને તેમણે સિડનીના અગાઉના ઐતિહાસિક કાર્યક્રમની યાદો પણ તાજી કરી હતી.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સંબોધન પૂર્વે જ મેલબોર્નના પ્રખ્યાત માર્વેલ સ્ટેડિયમમાં

અનુ પાના નં.૨ પર

## પૂરગ્રસ્ત નવસારી પહોંચ્યા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

### સી.આર. પાટીલ, કલેક્ટર, સાંસદ, ધારાસભ્ય સાથે કરી ઉચ્ચસ્તરીય બેઠક

**સમય સંદેશઃ નવસારી**

દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદને પગલે સુરત અને નવસારીમાં જનજીવન અસ્તવ્યસ્ત બની ગયુ છે. પુરગ્રસ્ત વિસ્તારોમાં બચાવ કામગીરીને લઇ સરકાર દ્વારા પણ બેઠક યોજવામાં આવી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ નવસારી પહોચ્યા, તેમણે સીઆર પાટીલ, કલેક્ટર, સાંસદ, ધારાસભ્ય સાથે કરી હાઈલેવલ બેઠક કરી હતી.

દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદ અને પૂરની સ્થિતિને લઇ



તારાજી સર્જાઇ છે. નવસારી કલેક્ટર કચેરી ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને કેન્દ્રીય જળ શક્તિ મંત્રી તેમજ નવસારીના સાંસદ સી. આર. પાટીલની સંયુક્ત અધ્યક્ષતામાં એક

અનુ પાના નં.૨ પર

## અયોધ્યાનો યોગેન્દ્ર અમદાવાદમાં બન્યો ‘અબ્દુલ રહેમાન’, પ્રેમ લગ્ન બાદ નામ બદલતાં એસઓજીના હાથે ભાંડો ફૂટ્યો

**સમય સંદેશઃ અમદાવાદ**

અમદાવાદમાં પાસપોર્ટ માટે કરવામાં આવેલી અરજીની તપાસ દરમિયાન એવો ચોંકાવનારો ભેદ ખુલ્યો છે કે એક વ્યક્તિએ પ્રેમલગ્ન બાદ પોતાની ઓળખ જ બદલી નાખી હતી. અયોધ્યાના રહેવાસી યોગેન્દ્રકુમાર મૌર્યએ મુસ્લિમ યુવતી સાથે લગ્ન કર્યાં બાદ પોતાનું નામ બદલીને અબ્દુલ રહેમાન અબ્દુલ કરીમખાન રાખ્યું હતું. ત્યારબાદ નવા નામે આધાર કાર્ડ, પાન કાર્ડ અને ચૂંટણી ઓળખપત્ર બનાવડાવી પાસપોર્ટ મેળવવાનો પ્રયાસ કર્યો હતો. જોકે પાસપોર્ટની નિયમિત ચકાસણી દરમિયાન અમદાવાદ એસઓજીની તપાસમાં સમગ્ર ભાંડો ફૂટી ગયો છે.

પોલીસ કમિશનર કચેરી તરફથી પાસપોર્ટ અરજીની તપાસ અમદાવાદ એસઓજીના પોલીસ ઈન્સ્પેક્ટર સી.બી. ચૌહાણને સોંપવામાં આવી હતી. તપાસ દરમિયાન જૂના અને નવા દસ્તાવેજોમાં નોંધપાત્ર તફાવત સામે આવ્યો હતો. જૂના પાસપોર્ટમાં અરજદારનું નામ યોગેન્દ્રકુમાર મૌર્ય, પિતાનું નામ રામકુમાર મૌર્ય અને માતાનું નામ અમરાવતી નોંધાયેલું હતું. જ્યારે નવી અરજીમાં નામ અબ્દુલ રહેમાન અબ્દુલ કરીમખાન, પિતાનું નામ અબ્દુલ કરીમ ખાન અને માતાનું નામ અનિશા દર્શાવવામાં આવ્યું હતું.

એસઓજીએ પૂછપરછ કરતાં યોગેન્દ્રએ જણાવ્યું કે તે અયોધ્યા નજીક પોતાના પરિવાર સાથે રહેતો હતો. કામની શોધમાં બહાર જતો રહેતો હતો. આ દરમિયાન તેના પાડોશમાં રહેતી ખુશનુમાબાનુ સાથે પ્રેમસંબંધ બંધાયો હતો. બંને જુદા ધર્મના હોવાથી પરિવાર લગ્ન માટે તૈયાર ન હોવાથી બંને ઘર છોડીને દિલ્હી ભાગી ગયાં હતાં. દિલ્હીમાં આર્ય સમાજમાં હિન્દુ વિધિ મુજબ લગ્ન કર્યા બાદ મુસ્લિમ રીતિ-રિવાજ મુજબ નિકાહ કરવા માટે તેણે પોતાનું નામ બદલીને અબ્દુલ રહેમાન અબ્દુલ કરીમખાન રાખ્યું હતું અને નિકાહનામું તૈયાર કરાવ્યું હતું.

ત્યાર બાદ દંપતી અમદાવાદ આવી દાણીલીમડાના જનતા રો હાઉસ વિસ્તારમાં રહેવા લાગ્યું હતું. હાલમાં તેમને ત્રણ સંતાન હોવાનું પણ પોલીસ તપાસમાં સામે આવ્યું છે. વધુ તપાસમાં જાણવા મળ્યું કે અબ્દુલ રહેમાન અબ્દુલ કરીમખાન નામ સંપૂર્ણપણે કાલ્પનિક હતું. આરોપીએ જમાલપુર બ્રિજ પાસેના એક દલાલનો સંપર્ક કરી પૈસા આપીને નવા નામે આધાર કાર્ડ, પાન કાર્ડ અને ચૂંટણી કાર્ડ

અનુ પાના નં.૨ પર

## જામનગરમાં આશા વર્કરો દ્વારા રોષપૂર્ણ ધરણા પ્રદર્શન કરાયું

### પડતર પ્રશ્નોના નિરાકરણ માટે મહાસંઘના બેનર હેઠળ કલેક્ટરને આવેદન પાઠવ્યું

**સમય સંદેશઃ જામનગર**

જામનગરમાં ગુરુવારે અખિલ ભારતીય આશા કર્મચારી મહાસંઘ (ભારતીય મજૂર સંઘ)ના બેનર હેઠળ આશા વર્કર બહેનોએ જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું હતું. આ આવેદનપત્ર તેમની વિવિધ પડતર માંગણીઓના નિરાકરણ માટે આપવામાં આવ્યું હતુ અને તેને વડાપ્રધાન, કેન્દ્રીય આરોગ્ય મંત્રી તથા ગુજરાતના મુખ્યમંત્રીને કલેક્ટર મારફતે મોકલવામાં આવ્યું છે.




મહાસંઘના જણાવ્યા અનુસાર, તાજેતરમાં પુણે ખાતે યોજાયેલી રાષ્ટ્રીય કાર્યસમિતિની બેઠકમાં દેશભરના હોદ્દેદારોએ આશા કર્મચારીઓના પ્રશ્નો અંગે ચર્ચા કરી હતી. અગાઉ ૭ ઓક્ટોબર, ૨૦૨૫ ના રોજ પણ દેશભરના જિલ્લા મથકોએ એક દિવસીય ધરણા-પ્રદર્શન યોજી માંગણીઓ રજૂ કરાઈ હતી. જોકે, આજદિન સુધી આ પ્રશ્નોનું સંતોષકારક નિરાકરણ ન આવતા ફરીથી આવેદનપત્ર સુપરત કરાયું છે.

આશા વર્કર બહેનોએ સરકાર સમક્ષ રજૂઆત કરી છે કે, તેમની લાંબા સમયથી બાકી રહેલી માંગણીઓનો તાત્કાલિક ઉકેલ લાવવામાં આવે. તેમણે તેમના હિતમાં યોગ્ય અને સકારાત્મક નિર્ણય લેવાની પણ માંગ કરી છે.

તેમની મુખ્ય માંગણીઓમાં આશા કર્મચારીઓના પડતર પ્રશ્નોનો તાત્કાલિક ઉકેલ, આશા યોજના હેઠળ કાર્યરત કર્મચારીઓને યોગ્ય વેતન અને સેવાકીય સુરક્ષા, અગાઉ રજૂ કરાયેલા માંગપત્ર પર વહેલી તકે યોગ્ય કાર્યવાહી અને આશા કર્મચારીઓના હિતમાં સ્થાયી તથા કલ્યાણકારી નીતિઓનો અમલ કરવાનો સમાવેશ થાય છે. આ આવેદનપત્ર સુપરત કરતી વેળાએ મહાસંઘના હોદ્દેદારો અને મોટી સંખ્યામાં આશા વર્કર બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

## દ્વારકાના દરિયામાં દીવાદાંડી નજીક અજાણ્યું વેસલ દેખાતાં કુતૂહલઃ સુરક્ષા એજન્સીઓ થઈ હતી એલર્ટ

### કંડલાથી યમન જઈ રહેલા વેસલના એન્જિનમાં ખામી સર્જાતા દ્વારકાના કાંઠે તણાઈ આવ્યું હોવાની ચર્ચા; ક્રૂ મેમ્બર્સના રેસ્ક્યુની હાથ ધરાઈ હતી તૈયારી



**સમય સંદેશઃ દ્વારકા**

દેવભૂમિ દ્વારકાના દરિયામાં દીવાદાંડી નજીક એક અજાણ્યું વેસલ લાંબા સમય સુધી નજરે પડતાં સ્થાનિકો તેમજ યાત્રાળુઓમાં ભારે કુતૂહલ સાથે અનેક પ્રકારની ચર્ચાઓ શરૂ થઈ હતી. દરિયામાં કલાકો સુધી એક જ વિસ્તારમાં સ્થિર અથવા ધીમી ગતિએ મુવમેન્ટ કરી રહેલા આ વેસલને લઈને દરિયાઈ સુરક્ષા એજન્સીઓ પણ એલર્ટ થઈ ગઈ હતી અને સમગ્ર ઘટનાક્રમ પર સતત મોનિટરિંગ રાખવામાં આવ્યું હતું.

અનુ પાના નં.૨ પર

## સલાયાનું ‘મહેબૂબ એ બુખારી’ વહાણ ઓમાનના દરિયામાં ડૂબ્યુંઃ બે ખલાસીઓના કરૂણ મોત

### ઓમાનના નૌકાદળે ૧૨ ખલાસીઓને ઉગાર્યાઃ વહાણવટી આલમમાં શોકની કાલિમા

**સમય સંદેશઃ જામનગર**

ખરાબ હવામાન અને બંને મુખ્ય એન્જિન એકસાથે ઠપ્પ થઈ જવાના કારણે ઓમાનના દરિયામાં સલાયાના ‘‘મહેબૂબ એ બુખારી‘‘ નામનું માલવાહક વહાણ ડૂબી ગયું હોવાની વિગતો સામે આવી છે. આ કરૂણ દુર્ઘટનામાં વહાણમાં સવાર બે ખલાસીઓના દરિયામાં ડૂબી જવાથી કરૂણ મોત નીપજ્યા છે, જેને પગલે સ્થાનિક વહાણવટીઓ અને ખલાસી પરિવારોમાં ભારે શોકનું મોજું ફરી વળ્યું છે.

દુર્ઘટના સમયે વહાણમાં કુલ ૧૪ ખલાસીઓ સવાર હોવાનું જાણવા મળ્યું છે, જેમાંથી વહાણ ડૂબવા લાગતા જ ઓમાનના નૌકાદળ (ઘળફક્ષ ગફદ્) દ્વારા તાત્કાલિક અને ભારે જહેમતભર્યું



રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. નૌકાદળની ટીમે સમયસૂચકતા વાપરીને ૧૨ ખલાસીઓને હેમખેમ બચાવી લીધા હતા. જોકે, કમનસીબે બે ખલાસીઓને બચાવી શકાયા નહોતા. દરિયાઈ ક્ષેત્રે સલાયાના આ વહાણને નડેલા અકસ્માત અને બે આશાસ્પદ યુવાનોના મોતના સમાચારથી દેવભૂમિ દ્વારકા જિલ્લાના દરિયાકાંઠાના વિસ્તારોમાં ઘેરા પ્રત્યાઘાતો પડ્યા છે.

## જામનગરમાં કોંગ્રેસની મહત્વની સંગઠનાત્મક સમીક્ષા બેઠકઃ પ્રદેશ નેતાઓની ઉપસ્થિતિ

### ચાર જિલ્લાના સંગઠનને મજબૂત કરવા ચેમ્બર હોલ ખાતે દિગ્ગજ નેતાઓનું મંથન





તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગરના ચેમ્બર હોલ ખાતે ગઈકાલે કોંગ્રેસ પક્ષ દ્વારા એક મહત્વની સંગઠનાત્મક સમીક્ષા બેઠક યોજવામાં આવી હતી. આ બેઠક દરમિયાન ચાર જિલ્લાઓના સંગઠનને વધુ મજબૂત બનાવવા, આગામી સમયના પક્ષના કાર્યક્રમોની રૂપરેખા તૈયાર કરવા તેમજ વિવિધ વર્તમાન રાજકીય મુદ્દાઓ પર વિસ્તૃત અને ગહન ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. એક જ દિવસે યોજાયેલી આ બેઠકને પગલે સ્થાનિક રાજકીય વર્તુળોમાં ભારે ઉત્સુકતા અને ગરમાવો જોવા મળ્યો હતો.

કોંગ્રેસની આ ઉચ્ચ સ્તરીય સમીક્ષા બેઠકમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રભારી અને રાજ્યસભાના સાંસદ મુકુલ વાસનિક, પ્રદેશ પ્રમુખ અમિતભાઈ ચાવડા અને વિપક્ષના નેતા તુષાર ચૌધરી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત કેન્દ્રીય

અનુ પાના નં.૨ પર

## ભાજપ પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા જામનગરમાં

### સાંસદના માતૃશ્રીને શ્રદ્ધાંજલિ અર્પી, શહેર પ્રમુખની પુત્રીના લગ્નમાં આપી હાજરી







તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

ગુજરાત પ્રદેશ ભાજપના પ્રમુખ જગદીશ વિશ્વકર્મા ગઈકાલે જામનગરની મુલાકાતે આવ્યા હતા. તેઓએ પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકર સાથે જામનગરના સાંસદ પૂનમબેન માડમના નિવાસસ્થાને પહોંચી તેમના માતૃશ્રી સ્વ. દીનાબેન માડમની તસવીર સમક્ષ પુષ્પાંજલિ અર્પણ કરી શ્રદ્ધાંજલિ પાઠવી હતી. આ મુલાકાત દરમિયાન બંને નેતાઓએ સાંસદ પૂનમબેન માડમ અને તેમના પરિવારજનોને મળીને સાંત્વના પાઠવી હતી.

આ ઉપરાંત, પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માએ જામનગર શહેર ભાજપ પ્રમુખ બીનાબેન કોઠારીની પુત્રીના લગ્નપ્રસંગમાં પણ વિશેષ હાજરી આપી હતી. તેઓએ લગ્ન સમારોહમાં ઉપસ્થિત રહીને નવદંપતીને સુખી દાંપત્યજીવન માટે આશીર્વાદ અને શુભેચ્છાઓ પાઠવ્યા હતા. ભાજપ પ્રદેશ પ્રમુખની આ મુલાકાતને લઈને સ્થાનિક ભાજપના નેતાઓ અને કાર્યકરોમાં પણ ઉત્સાહ જોવા મળ્યો હતો. ભાજપ પ્રદેશ પ્રમુખના જામનગર આગમનથી કાર્યકર્તામાં અનેરો ઉત્સાહ દેખાયો.

## તંત્રી સ્થાનેથી..

# ચીનમાં કંઈક રંધાઈ રહ્યું છે ?!

ચીનમાં સ્થાનિક સરકારોની આવકનો મોટો હિસ્સો જમીનને ખાસ કરીને રિયલ એસ્ટેટ ડેવલપર્સને લીઝ પર આપીને મળે છે, પરંતુ બાંધકામ કંપનીઓએ અનેક પ્રોજેક્ટ અધૂરા પડ્યા હોવાથી ફરીથી જમીન ખરીદાઈ નથી. આને કારણે સ્થાનિક સરકારની આવકને અસર થઈ. અહેવાલો અનુસાર, ચીનમાં ઘર ખરીદનારાઓ દ્વારા લોનની ચુકવણી ન કરવાની સમસ્યાઓ ઉકેલી શકાતી નથી, કારણ કે રિયલ એસ્ટેટનાં સિનિયર એક્ઝિક્યુટિવ્સ સિવાય, ચીનમાં દરેક સફળ રિયલ એસ્ટેટ ડેવલપર રાષ્ટ્રપતિ શી જિનપિંગની કમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ચાઈનાના કેટલાક શક્તિશાળી લોકો સાથે જોડાયેલા છે. જેમ કે ચીનના સૌથી મોટા પ્રોપર્ટી ડેવલપર એવરગ્રાન્ડના ઝી જિયાયિન અને કમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ચાઈનાના રાજકારણી ઝેંગ કિંગહોંગનો ભત્રીજો ઝેંગ બાઓબાઓ પૈસા કમાવા માટે રિયલ એસ્ટેટના વ્યવસાયમાં સીધા સંકળાયેલા છે. સરળ રિયલ એસ્ટેટ ડેવલપર્સે તેમના કામો કરાવવા બદલ સરકારી અધિકારીઓને લાંચ પણ આપવી પડે છે. તેથી જો ચીનની કમ્યુનિસ્ટ પાર્ટીના ટોચના નેતાઓ અધૂરા પ્રોજેક્ટ્સ અને રિયલ એસ્ટેટમાં ભ્રષ્ટાચારની તપાસ કરવા માગે છે, તેથી તેમને પોતાના પ્રિયજનો સામે પણ કાર્યવાહી કરવી પડશે. આ ઘટનાએ સમગ્ર વિશ્વને ફરીથી તિયાનમેન સ્ક્વેરની યાદ અપાવી હતી. આજથી ૩૩ વર્ષ પહેલા ૧૯૮૯માં સરકાર સામે બેઈજિંગના તિયાનમેન સ્ક્વેર પર વિરોધ કરી રહેલા લોકો સામે ટેન્ક ઉતારવામાં આવી હતી. આ ક્રૂર કાર્યવાહીમાં ૧૦ હજાર લોકો માર્યા ગયા હતા, જેમાં મોટાભાગે વિદ્યાર્થીઓ હતા. ૨૦૨૨ના ઘટનાક્રમને તિયાનમેન ૨.0 તરીકે ઓળખવામાં આવ્યો. તિયાનમેન ચોક નરસંહાર સાથે ચીનમાં લોકતંત્રનું સ્વપન અવસાન પામ્યું. ચીનનાં તિયાનમેન પર થયેલા આ નરસંહારને ઈતિહાસમાંથી દૂર કરવાના તમામ પ્રયાસો કરવામાં આવ્યા હતા. ચીનની સરકારે આજે પણ આ નરસંહાર બાબતે કોઈપણ ચર્ચા કરવા સામે પ્રતિબંધ લગાવી રાખ્યો છે. ત્યાં સુધી કે ચીનમાં ઈન્ટરનેટ અને પુસ્તકોમાં પણ તેના ઉલ્લેખ કરવા બાબતે પ્રતિબંધ છે. આવી જ ઘટનાઓ ફરી બની ત્યારે રાષ્ટ્રપતિ શી જિનપિંગ મૌન સેવીને બેઠા રહ્યા. અત્યારે તો જિનપિંગ ચીની કમ્યુનિસ્ટ પાર્ટીના સ્થાપક માઓત્સે તુંગ જેટલું કદ હાંસલ કરીને બેઠા છે. જિનપિંગને પાર્ટીના કોર નેતા બનાવી દેવામાં આવ્યાં. તેમની પહેલા આ હોદ્દો માત્ર માઓત્સે તુંગને જ આપવામાં આવ્યો હતો. ચીની સત્તાવાળાઓ તેમની માગને અવગણી.




# દ્વારકામાં આખલા યુદ્ધથી નાગરિકો ભયભીતઃ વીડિયો વાયરલ થયો

**સમય સંદેશઃ દ્વારકા**

દ્વારકાના રેલવે સ્ટેશન રોડ પર બે આખલાઓ અચાનક સામસામે આવી જતા ઉગ્ર રીતે બાખડી પડ્યા હતા. બંને આખલાઓની ધિંગામસ્તીના કારણે રોડ પર થોડા સમય માટે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આ દરમિયાન રસ્તાની બાજુમાં ઊભી રાખવામાં આવેલી એક રીક્ષા તેમની અડફેટે આવી જતાં તેને નોંધપાત્ર નુકસાન પહોંચ્યું હતું. સદનસીબે ઘટના સમયે રીક્ષામાં કોઈ મુસાફર કે ચાલક હાજર ન હોવાથી કોઈ જાનહાનિ અથવા ઈજાની ઘટના બની નહોતી. જોકે, ઘટનાથી આસપાસના



લોકોમાં ભય ફેલાયો હતો અને લોકોએ સુરક્ષિત સ્થળે ખસી જવાની ફરજ પડી હતી. ઘટનાનો વીડિયો સ્થળ પર હાજર લોકોએ પોતાના મોબાઈલમાં કેદ કર્યો હતો, જે બાદ સોશિયલ મીડિયામાં ઝડપથી વાયરલ બન્યો છે. વીડિયો સામે આવતા શહેરમાં ફરી એકવાર રખડતા ઢોરની સમસ્યા ચર્ચાનું કેન્દ્ર બની છે. સ્થાનિક નાગરિકોએ તંત્રને શહેરના મુખ્ય માર્ગો પરથી રખડતા આખલાઓને દૂર કરવા અને યાત્રાધામમાં આવનારા શ્રદ્ધાળુઓ તેમજ સ્થાનિક લોકોની સુરક્ષા માટે અસરકારક કાર્યવાહી હાથ ધરવાની માંગ કરી છે.

# જન્મદિવસે સોમનાથ દાદાની પૂર્જા અર્ચના કરી આશીર્વાદ મેળવતા ધારાસભ્યના પુત્ર



**સમય સંદેશઃ દ્વારકા**

પૂર્વ કેબિનેટ મંત્રી અને હાલના ધારાસભ્ય મુળુભાઈ બેરા ના સુપુત્ર હર્ષદભાઈ બેરાનો જન્મદિવસ હતો. દર વર્ષની પરંપરાને જાળવી રાખીને, તેઓએ આ વર્ષે પણ આજના યુવાનો માટે પ્રેરણારૂપ બને તેવી અનોખી અને જીવદયાભરી ઉજવણી કરી હતી. હર્ષદભાઈએ પોતાના જન્મદિવસ નિમિત્તે સ્વજનો અને મિત્રો સાથે પવિત્ર યાત્રાધામ સોમનાથ ખાતે આખો દિવસ વિતાવીને દેવાધિદેવ મહાદેવની વિશેષ પૂજા-અર્ચના કરી આશીર્વાદ મેળવ્યા હતા. માત્ર ધાર્મિક વિધિ જ નહીં, પરંતુ જીવદયાના કાર્યને સાર્થક કરતા તેઓએ ભાણવડ ખાતે આવેલા 'શિવ બળદ આશ્રમ'માં આશ્રય લઈ રહેલા બળદો માટે લીલા ઘાસચારાની વ્યવસ્થા કરી હતી.

આ ઉપરાંત, આશ્રમના સભ્યોના સહયોગથી ભાણવડની ગલી-શેરીઓમાં ભટકતા બિનવારસુ ગૌવંશને પણ ભરપેટ લીલો ઘાસચારો ખવડાવી તૃપ્ત કર્યા હતા. જન્મદિવસ જેવા વિશેષ પ્રસંગે પવિત્ર ભાવ સાથે કરાયેલી આ અબોલ જીવોની સેવાની ચારેય તરફ પ્રશંસા થઈ રહી છે. સોમનાથ મહાદેવ અને અબોલ જીવોના આશીર્વાદ હર્ષદભાઈ પર હંમેશા વરસતા રહે તેવી તમામ જીવદયા પ્રેમીઓ અને નગરજનોએ હૃદયપૂર્વક પ્રાર્થના કરી જન્મદિવસની શુભેચ્છા પાઠવી છે.

# જામનગર વકીલમંડળ દ્વારા સભ્યોના વિદ્યાર્થી સંતાનોનું કરાશે સન્માન

**સમય સંદેશઃ જામનગર**

જામનગર વકીલ મંડળના સભ્યોના સંતાનો કે જે વર્ષ ૨૦૨૫/ ૨૦૨૬ના વર્ષમાં એજ્યુકેશનમાં નીચે દર્શાવેલ કેટેગરીમાં પાસ થયેલ હોય કે તે મુજબ ટકાવારી મેળવેલ હોય તેમના સન્માનનો સમારોહ જામનગર વકીલ મંડળ દ્વારા રાખવાનું આયોજન કરેલ છે. તો જે વકીલમિત્રોના સંતાનો નીચે દર્શાવેલ લાયકાત મુજબ જે તે ધોરણમાં પાસ થયેલ હોય તેઓને પ્રમાણપત્ર આપવામાં આપી સન્માનિત કરવામાં આવશે.

ધોરણ એકથી નવ ના વીદ્યાર્થી ૮૦ ટકા કે તેથી વધુ ગુણ મેળવેલ હોય. ધોરણ ૧૦ તથા ૧૧ તથા ધોરણ ૧૨ તેમજ પીટીસી, સીપીએડ, બીએડમાં ૭૦ ટકા કે તેથી વધુ ગુણ મેળવેલ હોય. બી.એ., બી કોમ., બીએસસી., એમ.એ., એમ કોમ., એમ.એસ સી., એમ.એલ.એમ કે એલ.એલ.બી.માં ૭૦% કે તેથી વધુ ગુણ મેળવેલ હોય. (માસ્ટર ડિગ્રીમાં બંને પાર્ટની ખરી નકલ જોડવી) મેડિકલ એન્જિનિયરિંગ, ફાર્મસી, એમસીએ, એમબીએ, સી.એ. ફાઇનલમાં ૭૦% કે તેની ઉપરના ટકા સાથે ડિગ્રી મેળવેલ હોય તે માર્કશીટ સાથે ડિગ્રીની ખરી નકલ રજૂ કરવી. તેમજ કલા સાહિત્ય કે રમતગમત ક્ષેત્રે જિલ્લા કે રાજ્ય કક્ષાએ પ્રથમ કે દ્વિતીય કે તૃતીય સ્થાન પ્રાપ્ત કરેલ હોય તેવા વિદ્યાર્થીએ તેમના પ્રમાણપત્રની ખરી નકલ રજૂ કરવી. જ્યારે સન્માનનો કાર્યક્રમ નક્કી થાય તે દિવસે ઓરિજનલ પ્રમાણપત્ર સાથે ઉપસ્થિત રહેવાનું રહેશે. ખાસ નોંધ ધોરણ એકથી નવની માર્કશીટમાં એકંદરે ગ્રેડની સાથે ટકા દર્શાવેલ હોવા જોઈએ તે જ પ્રમાણપત્ર માન્ય રહેશે તેવો જ સન્માન માટે નામ નોંધાવી શકશે. જે વકીલમિત્રોના સંતાનો ઉપર દર્શાવેલ લાયકાત ધરાવતા હોય તેઓએ તારીખ ૧૦-૮-૨૦૨૬ સુધીમાં વિદ્યાર્થીનું નામ તેમનું આધાર કાર્ડ તેમના વાલીનું નામ તેમનું આધાર કાર્ડ વિદ્યાર્થીના સ્કૂલ કે અન્ય માર્કશીટ ખરી નકલ મોબાઈલ નંબર વિગેરે વિગત ઝેરોક્ષ રૂમ માં વિશાલ પાસે નોંધાવી આપવી તથા સાથે ખરી નકલો રજૂ કરવાની રહેશે. આ કાર્યક્રમનો હેતુ વકીલ મંડળના સભ્યો ના સંતાનોને પ્રોત્સાહન આપવા માટે યોજવામાં આવેલ છે. નામ અને વિગત આવ્યા પછી કાર્યક્રમ ની તારીખ અને સમય જાહેર કરવામાં આવશે. તેમ જામનગર વકીલ મંડળના પ્રમુખ ભરતભાઇ સુવા, મંત્રી મનોજભાઇ ઝવેરીની યાદીમાં જણાવાયું છે.

# દ્વારકામાં વિદેશી દારૂ સાથે ઝડપાયો

દ્વારકામાં ટીવી સ્ટેશન વિસ્તારમાં રહેતા અને શાકભાજીનો વ્યવસાય કરતા ફારુક નુરમામદ બાલાગામીયા નામના 30 વર્ષના શખ્સને દ્વારકાની સર્વેલન્સ સ્કવોડ દ્વારા રૂપિયા ૪૫,૮૫૦ ની કિંમતની ૧૩૧ દારૂની બોટલ (ચપલા) તથા રૂપિયા ૨૦,૦૦૦ ની કિંમતના મોટરસાયકલ મળી, કુલ રૂપિયા ૬૫૮૫૦ ના મુદ્દામાલ સાથે ઝડપી લઇ, તેની સામે પ્રોહિબીશન એક્ટ હેઠળ જરૂરી કાર્યવાહી કરી છે.

# ચાર જુગારિયાઓ સલાયામાંથી ઝડપાતા કાયદેસરની કાર્યવાહી



**સમય સંદેશઃ સલાયા**

સલાયા મરીન પોલીસ પેટ્રોલીંગમાં હતી એ દરમ્યાન હેડ કોન્સ્ટેબલ પીઠાભાઈ જોગલ,વિપુલભાઈ ડાંગર અને કરણભાઇ સોંદરવાને સંયુક્ત રીતે બાતમી મળેલ કે સલાયા તળાવની પાળ પાસે અમુક ઇસમો જાહેરમાં ગંજી પાના વડે જુગાર રમી અને પૈસાની હારજીત કરે છે.

જે અનુસંધાને બે પંચોને સાથે રાખી સલાયા મરીન પોલીસ દ્વારા રેઇડ કરતા ત્યાં ચાર ઇસમો જુગાર રમતા મળી આવ્યા હતા ત્યાં રોકડા ૧૧૦૮૦ રૂપિયા તેમજ મોબાઇલ નંગ ૩ જેની કિંમત ૨૦૦૦૦ તથા જુગાર રમવાના સાધનો સાથે કુલ રૂપિયા ૩૧૦૮૦ નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

આ કામગીરી દ્વારકા જિલ્લા એસપી જયરાજસિંહ વાળાના માર્ગદર્શન હેઠળ સલાયા મરીન પોલીસના પીઆઇ જે.એમ.ચાવડા તેમજ એએસઆઈ સંજયભાઈ બરારીયા,હેડ કોન્સ્ટેબલ પીઠાભાઈ જોગલ,વિપુલભાઈ ડાંગર, ઓમદેવસિંહ જાડેજા, કરણભાઈ સોંદરવા,સિદ્ધાર્થભાઇ સોલંકી વગેરે જોડાયા હતા.

**સરકારમાન્ય બૉન્ડ રાઈટર**

સરકારી સોગંદનામા, ભાડા કરાર,
વેંચાણ કરાર, દસ્તાવેજી રજિસ્ટ્રેશન,
કુલમુખત્યારનામા ગુજરાતી તથા અંગ્રેજીમાં.

નોટરીને લગતાં કામ માટે મળો

**અભિજીત જયંતકુમાર દવે**

મો.૮૪૬૦૪૫૯૫૨૦, ૮૮૬૬૮૮૧૯૯૯

## અનુસંધાન

### ખીજડિયામાં ગેરકાયદે

(પાના નં. ૪ થી આગળ)

ખનિજનું ખનન થતું હોવાનું જણાતા કાર્યવાહી કરી હતી. દરમિયાન એક હિટાચી મશીન કબ્જે લેવામાં આવ્યું હતું. આ કાર્યવાહીમાં આશરે રૂ. ૩૫ લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. જપ્ત કરાયેલ હિટાચી મશીનનો કબજો આગળની કાયદેસરની કાર્યવાહી માટે ધુવાવ પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો છે. આ સમગ્ર કાર્યવાહી ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજ વિભાગની તપાસ ટીમના અધિકારીઓ નિખિલભાઈ, નૈતિકભાઈ અને રમેશભાઈ દ્વારા સફળતાપૂર્વક હાથ ધરવામાં આવી હતી. વિભાગ દ્વારા ગેરકાયદેસર ખનન અને ખનિજ ચોરી સામે આવી જ કડક કાર્યવાહી આગામી દિવસોમાં પણ સતત ચાલુ રહેશે તેવો સ્પષ્ટ સંદેશ આપવામાં આવ્યો છે.

### ખંભાળિયામાં બેંક

(પાના નં. ૪ થી આગળ)

સાયબર ક્રાઇમ પોલીસ મથકમાં નોંધાયેલા ગુના સંદર્ભે પોલીસ તપાસમાં ઉપરોક્ત શખ્સો દ્વારા પોતાના બેંક એકાઉન્ટ ભાડે આપી અને રાતોરાત પૈસા કમાવાની લાલચમાં સાયબર ગુનાઓને આડકતરું ઉત્તેજન આપ્યું હતું. જેમાં આવા બેન્ક એકાઉન્ટમાંથી સાયબર ફ્રોડના કુલ રૂપિયા ૬૬ લાખ ૧૬ હજારની આપ-લે થવા પામી હતી. આ રીતે મ્યુલ એકાઉન્ટ હોલ્ડર તથા આવા એકાઉન્ટને સાયબર ક્રાઈમના ગુનામાં વપરાશ લેતા પોલીસે ઝડપી લીધા છે. સાયબર પોલીસે આ પ્રકરણમાં સંડોવાયેલા અન્ય મુખ્ય આરોપીઓની શોધખોળ હાથ ધરી છે. આ સમગ્ર કાર્યવાહી સાયબર ક્રાઇમ પોલીસ મથકના પી.આઈ. એચ.જી. રાઠોડ, પી.એસ.આઈ. બી.કે. કડછા તથા સ્ટાફના ધરણાંતભાઈ બંધીયા, ભરતભાઈ ચાવડા, હેભાભાઈ ચાવડા સાજણભાઈ સુવા, કિરપાલસિંહ ચૌહાણ તથા સાયબર ક્રાઈમની ટીમ દ્વારા કરવામાં આવી હતી.

### મૉબાઈલ વિક્રેતાઓને

(પાના નં. ૪ થી આગળ)

પોલીસે તમામ મોબાઇલ વેપારીઓ અને ડીલરોને સૂચનાનું પાલન કરી નિર્ધારિત સમયમર્યાદામાં જરૂરી માહિતી ઉપલબ્ધ કરાવવા અનુરોધ કર્યો છે, જેથી કાયદો અને વ્યવસ્થા જાળવવા તેમજ ગુનાઓના ઝડપી ભેદ ઉકેલવામાં સહયોગ મળી શકે.

### કરપીણ હત્યા

(પાના નં. ૪ થી આગળ)

ડીવાયએસપી મીત રુદ્દલાલના માર્ગદર્શન હેઠળ ખંભાળિયા પોલીસ મથકના તપાસનીસ અધિકારી પી.આઈ. સી.આર. રાણાની વધુ તપાસ દરમિયાન આ બનાવમાં ગુનાને અંજામ આપ્યા બાદ લાશને સગેવગે કરવા તથા પુરાવાનો નાશ કરવામાં મદદગારી કરવાની જવાબદારી લેવા સબબ અત્રે પોરબંદર રોડ ઉપર આવેલી ગુલાબનગર ટેકરી વિસ્તારના રહીશ રવિ સુરાભાઈ ગમાણા નામના શખ્સની અટકાયત કરી, પોલીસે ગુના માટે ઉપયોગમાં લેવામાં આવેલો એક મોબાઈલ ફોન અને એક મોટરસાયકલ પણ કબ્જે લીધું છે.

### વિભાપરની સગીરા

(પાના નં. ૩ થી આગળ)

કરવામાં આવી રહી છે. પોલીસ દ્વારા બનાવ સ્થળની આજુબાજુ અને સંભવિત સ્થળોના સીસીટીવી ફૂટેજ, ટેક્નિકલ પુરાવા તેમજ અન્ય જરૂરી માહિતીના આધારે તપાસ આગળ વધારવામાં આવી રહી છે.

વધૂમાં આરોપી સુધી પહોંચવા કેસના દરેક પાસાની ગંભીરતાથી તપાસ કરી સંબંધિત વ્યક્તિઓના નિવેદનો પણ લેવામાં આવી રહ્યા છે.

હાલ આ મામલે બેડી મરીન પોલીસ મથકના પીઆઇ એ.વી.પીપરોતર વધુ તપાસ ચલાવી રહ્યા છે.

### જામનગરમાં કોંગ્રેસ

(પાના નં. ૧ થી આગળ)

અને પ્રદેશ સ્તરના અગ્રણી નેતાઓ દેવેન્દ્ર યાદવ, પૂર્વ પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકી, સુભાષીની યાદવ, રામકિશન ઓઝા, લલિતભાઈ વસોયા અને રહિમભાઈ શોરાએ પણ બેઠકમાં હાજરી આપી સંગઠનલક્ષી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ બેઠકમાં જામનગરના પૂર્વ સાંસદ વિક્રમભાઈ માડમ, શહેર કોંગ્રેસ પ્રમુખ દિગુભા જાડેજા અને જિલ્લા પ્રમુખ મનોજભાઈ કથિરીયા વિશેષ રૂપે હાજર રહ્યા હતા. તેમની સાથે જામનગર કોંગ્રેસના અગ્રણીઓ દિનેશભાઈ પરમાર, બિપેન્દ્રસિંહ જાડેજા, જે.પી. મારવિયા, સહારાબેન મકવાણા, કિશન નંજાર, ભરતભાઇ વાળા, મહિપાલસિંહ જાડેજા અને રવિન્દ્રસિંહ ગોહિલ સહિતના સ્થાનિક હોદ્દેદારો અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### અજાણ્યું વેસલ દેખાતાં

(પાના નં. ૧ થી આગળ)

પ્રાથમિક વિગતો મુજબ, આ વેસલ કંડલા બંદરેથી માલસામાન ભરીને યમન તરફ જવા માટે રવાના થયું હતું. જોકે, દરિયામાં આગળ વધ્યા બાદ તેના એન્જિનમાં અચાનક મોટી તકનીકી ખામી સર્જાઈ હતી, જેના કારણે વેસલે પોતાનું નિયંત્રણ ગુમાવી દીધું હતું. ત્યારબાદ દરિયાના ભારે પ્રવાહ અને પવનના કારણે આ વેસલ ધીમે-ધીમે ઘસડાઈને દ્વારકાના દરિયાકાંઠા તરફ આવી પહોંચ્યું હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું.

વેસલ દીવાદાંડીની બિલકુલ સામે દેખાવા લાગતા સ્થાનિક માછીમારો અને કિનારે ઉપસ્થિત લોકોમાં આશ્ચર્ય ફેલાયું હતું. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં લઈને દરિયાઈ સુરક્ષા તંત્ર, મરીન પોલીસ તેમજ અન્ય તપાસ એજન્સીઓએ સાવચેતીના ભાગરૂપે તાકીદે તપાસનો દોર શરૂ કર્યો હતો. વેસલની માલિકી અને તેમાં રહેલા માલસામાન અંગે સત્તાવાર રીતે કોઈ અધિકૃત માહિતી જાહેર કરાઈ નહોતી, પરંતુ વિશ્વસનીય સૂત્રોના જણાવ્યા અનુસાર વેસલમાં આશરે આઠ જેટલા ક્રૂ મેમ્બર્સ હાજર હતા. દરિયાની સ્થિતિને જોતાં તમામ સભ્યોની સુરક્ષા માટે હેલિકોપ્ટરની મદદથી તેઓને એર રેસ્ક્યુ કરવાની તૈયારીઓ પણ વહીવટી તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી હતી.

### મેલબોર્નમાં પીએમ

(પાના નં. ૧ થી આગળ)

30,000થી વધુ પ્રવાસી ભારતીયો એકઠા થયા હતા, જે ઓસ્ટ્રેલિયામાં કોઈ વિશ્વ નેતા માટે આયોજિત કરાયેલી અત્યાર સુધીની સૌથી મોટી સભાઓ પૈકીની એક બની રહી છે. ''મેલબોર્ન મીટ્સ મોદી'' નામના આ કાર્યક્રમમાં ભારતીય સમુદાય તરફથી અભૂતપૂર્વ ઉત્સાહ જોવા મળ્યો હતો. આખું સ્ટેડિયમ દેશભક્તિના રંગે રંગાયું હતું અને ''મોદી, મોદી'' તેમજ ''ભારત માતા કી જય'' ના ગગનભેદી નારાઓથી લાંબા સમય સુધી ગુંજતું રહ્યું હતું. ગઈકાલે સવારે જ્યારે પ્રધાનમંત્રી મેલબોર્ન પહોંચ્યા ત્યારે એરપોર્ટથી લઈને કાર્યક્રમ સ્થળ સુધી તેમનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. પ્રવાસી ભારતીયોના આ અદભુત સ્નેહની પ્રશંસા કરતા પીએમ મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર લખ્યું હતું કે, ''મેલબોર્નમાં હવામાન ભલે ઠંડુ હોય, પરંતુ ભારતીય સમુદાય તરફથી મને મળેલું ઉષ્માભર્યું સ્વાગત ખરેખર અવિસ્મરણીય હતું. તેમનો સ્નેહ અને ભારત સાથેનો તેમનો અતૂટ જોડાણ હંમેશા મારા માટે આનંદ અને ગર્વનો વિષય રહ્યો છે.''

ઓસ્ટ્રેલિયાના પ્રધાનમંત્રી એન્થોની અલ્બેનીઝે પીએમ મોદીના આગમન પર ખુશી વ્યક્ત કરતા તેમને ઓસ્ટ્રેલિયાના સાચા મિત્ર ગણાવ્યા હતા. તેમણે પોતાની ભારત મુલાકાત અને અમદાવાદમાં મળેલા ભવ્ય આદરને યાદ કર્યો હતો. આ પ્રસંગે ઓસ્ટ્રેલિયાના પૂર્વ પ્રધાનમંત્રી સ્કોટ મોરિસને પણ જણાવ્યું હતું કે, પીએમ મોદી સાથે તેમના હંમેશા ગાઢ વ્યક્તિગત અને વ્યાવસાયિક સંબંધો રહ્યા છે. તેમણે બંને દેશો વચ્ચેની કરી અને ક્રિકેટની મજાકનો ઉલ્લેખ કરવાની સાથે ક્વાડ અને ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં ભારતની સકારાત્મક ભૂમિકાના મહત્વને બિરદાવ્યું હતું.

### પૂરગ્રસ્ત નવસારી

(પાના નં. ૧ થી આગળ)

હાઈલેવલ સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં દક્ષિણ ગુજરાતના ઉચ્ચ વહીવટી અધિકારીઓ સહિત ધારાસભ્યો અને સાંસદો હાજર રહ્યા હતા, જ્યાં પૂરના કારણે સર્જાયેલી સ્થિતિ અંગે વહીવટી તંત્ર સાથે સમીક્ષા કરવામાં આવ્યું છે.

કલેક્ટર કચેરી ખાતે યોજાયેલી આ ઉચ્ચસ્તરીય બેઠકમાં મુખ્યમંત્રીની સાથે કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી. આર. પાટીલ પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવોના આગમન સમયે પ્રોટોકોલ મુજબ નવસારી જિલ્લા કલેક્ટર મનીષ ગુરુવાણી, પ્રભારી સચિવ આદ્રા અગ્રવાલ અને જિલ્લા પોલીસ અધિક્ષક રાહુલ પટેલ દ્વારા તેઓનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું.આ હાઈલેવલ સમીક્ષા બેઠકમાં માત્ર નવસારી જ નહીં પરંતુ વલસાડ જિલ્લાના કલેક્ટર અને એસપી સહિત દક્ષિણ ગુજરાતના ઉચ્ચ વહીવટી અધિકારીઓ હાજર રહ્યા હતા. સાથે જ કેબિનેટ મંત્રી નરેશ પટેલ, વલસાડના સાંસદ ધવલ પટેલ, નવસારીના ધારાસભ્ય રાકેશ દેસાઈ અને જલાલપોરના ધારાસભ્ય આર. સી. પટેલ સહિત સ્થાનિક પદાધિકારીઓએ પણ હાજરી આપી હતી.

### અયોધ્યાનો યોગેન્દ્ર

(પાના નં. ૧ થી આગળ)

તૈયાર કરાવ્યાં હતાં. આ તમામ દસ્તાવેજોના આધારે તેણે પાસપોર્ટ માટે અરજી કરી હતી અને પાસપોર્ટ મળ્યા બાદ વિદેશ જવાનો ઇરાદો રાખ્યો હતો. પાસપોર્ટ ચકાસણી દરમિયાન જૂના અને નવા દસ્તાવેજોની સરખામણીમાં વિસંગતતા સામે આવતાં સમગ્ર મામલો ખુલ્લો પડી ગયો હતો. એસઓજીએ આ અંગે વિગતવાર અહેવાલ તૈયાર કરી યોગેન્દ્ર મૌર્ય સામે ગુનો નોંધ્યો છે. સાથે જ દસ્તાવેજો બનાવવામાં મદદ કરનાર દલાલ અને તેના નેટવર્ક સુધી પહોંચવા તપાસનો દોર લંબાવવામાં આવ્યો છે.

# પંજાબ બાદ હવે હરિયાણામાં પણ કોંગ્રેસમાં આંતરિક કલહઃ હુડ્ડા વિરુદ્ધ સૂરજેવાલા

પંજાબની જેમ હવે હરિયાણામાં પણ કોંગ્રેસની આંતરિક જૂથબાજી ખુલ્લેઆમ સામે આવી છે. પંજાબમાં ભૂતપૂર્વ મુખ્ય મંત્રી ચરણજિત સિંહ ચન્ની અને કોંગ્રેસના પ્રદેશાધ્યક્ષ અમરિંદર સિંહ રાજા વડિંગ વચ્ચે ચાલી રહેલી ખેંચતાણ વચ્ચે હવે હરિયાણામાં પણ કોંગ્રેસના દિગ્ગજ નેતાઓ વચ્ચે મતભેદો સ્પષ્ટ દેખાવા લાગ્યા છે. હરિયાણામાં એક તરફ ભૂતપૂર્વ મુખ્ય મંત્રી ભૂપેન્દ્ર સિંહ હુડ્ડા છે, તો બીજી તરફ રણદીપ સિંહ સૂરજેવાલા છે. હુડ્ડા લાંબા સમયથી હરિયાણા કોંગ્રેસના સૌથી મોટા ચહેરા તરીકે ઓળખાતા રહ્યા છે, જ્યારે સૂરજેવાલા છેલ્લાં કેટલાંક વર્ષોમાં ઝડપથી આગળ વધ્યા છે. હવે આ બંને નેતાઓ વચ્ચે મતભેદોની ચર્ચા તેજ બની છે, કારણ કે બંનેએ નવા પ્રદેશ પ્રભારી સંજય દત્તની હાજરીમાં એકબીજા પર આડકતરી ટિપ્પણીઓ કરી હતી.

# જામનગરમાં બે આશાસ્પદ યુવાનોના હૃદયરોગ અને બ્રેઈન સ્ટ્રોકના કારણે મોત

## ગ્રેઈન માર્કેટમાં બેશુદ્ધ થયાં બાદ હોસ્પિટલમાં ખસેડાયા હતાંઃ અન્ય એક યુવકનું પણ હૃદયરોગથી મોત

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરના મ્યુઝિક અને સ્ટેજ શો ક્ષેત્ર સાથે વર્ષોથી જોડાયેલા યુવા શો ઓર્ગેનાઇઝર રાહુલ વાઘેલાનું અચાનક બ્રેઇન સ્ટ્રોક અને હાર્ટ એટેકના કારણે અવસાન થતાં પરિવાર, મિત્રો અને સંગીત જગતમાં શોકની લાગણી વ્યાપી છે.

આ સિવાઈ અન્ય એક ૨૮ વર્ષના યુવાનનું હાર્ટ એટેકથી નિધન થતા પરિવારમાં શોક વ્યાપી ગયો છે. પ્રાથમિક વિગત અનુસાર જાણીતા ગાયક પુરુષોત્તમભાઈ વાઘેલાના પુત્ર રાહુલ વાઘેલા ગ્રેઇન માર્કેટ વિસ્તારમાં અચાનક બેભાન થઈ ગયા હતા. તેમને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જોકે, તબીબોના તમામ પ્રયાસો છતાં તેમને બચાવી શકાયા નહોતા. ડોક્ટરોએ પ્રાથમિક રીતે બ્રેઇન સ્ટ્રોક તથા હાર્ટ એટેકના કારણે તેમનું મૃત્યુ થયાનું જણાવ્યું હોવાનું જાણવા મળે છે.





રાહુલ વાઘેલા શહેરમાં વિવિધ મ્યુઝિક નાઈટ, સાંસ્કૃતિક કાર્યક્રમો અને સ્ટેજ શોના આયોજન માટે જાણીતા હતા.

તેમના અચાનક અવસાનથી પરિવાર અને પરિચિતોમાં શોકની લાગણી પ્રસરી ગઈ છે. યુવાન વયે થયેલા તેમના નિધનથી વાઘેલા પરિવારમાં આભ તૂટી પડ્યું છે.

આ સિવાઈ જામનગરમાં રહેતા સમીર પાંભરનું માત્ર ૨૮ વર્ષની વયે હૃદયરોગના હુમલાના કારણે નિધન થતાં પરિવાર અને પરિચિતોમાં અરેરાટી વ્યાપી ગઇ છે. સમીર પાંભરને અચાનક છાતીમાં દુખાવો અને તબિયત બગડતા સારવાર માટે હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. જ્યાં હૃદયરોગના હુમલાના કારણે તેમનું અવસાન થયું હોવાનું જાણવા મળ્યું છે. સમીરના અકાળે અવસાનના સમાચારથી પરિવારજનો પર દુઃખનો પહાડ તૂટી પડ્યો છે.

# જામનગરમાં થયેલી બે અલગ અલગ વાહન ચોરીનો ભેદ ઉકેલાયોઃ આરોપી ઝબ્બે



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરમાંથી થયેલી વાહન ચોરીનો ભેદ ઉકેલી નાખવાના પોલીસ સફળ થઈ છે. લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે એક શખ્સને બે ચોરાઉ બાઈક સહિતના મુદ્દામાલ સાથે પકડી પાડ્યો હતો.

ચોરીના ગુનાનો ભેદ ઉકેલી નાખવા એલ.સી.બી સ્ટાફ અલગ અલગ ટીમો બનાવી ચોરીઓ ડીટેક્ટ કરવા સીસીટીવી ફુટેજ ચેક કરી, ટેકનીકલ સોર્સનો ઉપયોગ કરી જરૂરી વર્ક આઉટ કરવામા આવ્યું હતું.

આ દરમિયાન એલ.સી.બી. સ્ટાફના દિલીપભાઈ તલાવડીયા, હિતેન્દ્રસિંહ જાડેજા તથા યુવરાજસિંહ ઝાલાને મળેલ ખાનગી બાતમીના આધારે જામનગર શહેરમાં બેડેશ્વર, ગરીબનગર પાણાખાણમા રહેતા આરોપી સદામ ઉર્ફે સદામડી અનવરભાઈ સાઇચાના રહેણાંક મકાનમાંથી ચોરાઉ હીરો હોન્ડા સપ્લેન્ડર પ્લસ તથા યમાહા કંપનીના બાઇક સહિતનાં મુદામાલ સાથે આરોપીને પકડી પાડ્યો હતો.આરોપી ૨૬ વખત પોલીસ ચોપડે ચડી ચૂક્યો હોવાનું સામે આવ્યું છે.

આ કાર્યવાહી પીઆઈ વી.બી.ચૌધરીના માર્ગદર્શન મુજબ પીએસઆઈ એમ.વી.ભાટીયા તથા એલ.સી.બી. સ્ટાફના હરપાલસિંહ સોઢા, ભરતભાઈ પટેલ, નાનજીભાઈ પટેલ, શરદભાઇ પરમાર, દિલીપભાઈ તલવાડીયા, હિતેન્દ્રસિંહ જાડેજા, અરજણભાઈ કોડીયાતર, મયુદીનભાઈ સૈયદ, ક્રિપાલસિંહ જાડેજા, નિર્મળસિંહ જાડેજા, ધનશ્યામ ભાઈ ડેરવાળીયા, યુવરાજસિંહ ઝાલા, ભયપાલિંહ જાડેજા,ભરતભાઈ ડાંગર, કિશોરભાઈ પરમાર, સુમીતભાઇ શીયાર, રૂષીરાજસિંહ વાળા, મયુરસિંહ પરમાર, અરજય ભાઈ વીરડા, ધમેન્દ્રસિંહ જાડેજા, સુરેશભાઈ માલકીયા, દયારામ ત્રિવેદી, બીજલ ભાઈ બાલાસરા તથા ધમેન્દ્રસિંહ જાડેજા, ભારતીબેન ડાંગર દ્વારા કામગીરી કરાઈ હતી.

# જામનગરમાં વરસાદ પહેલાંની તૈયારી મામલે સૉલિડ વૅસ્ટ વિભાગ દ્વારા કાર્યવાહી કરવામાં આવતાં આશ્ચર્ય

## ૫૦ લાખનો કોન્ટ્રાક્ટ છતાં ખાતા દ્વારા નદીઓની સફાઈ માટે ઊતરવું કેમ પડ્યું? ચર્ચાતો પ્રશ્ન

**સમય સંદેશઃ જામનગર**

જામનગરમાં પ્રિમોન્સુન કામગીરીનો રૂ.૫૦ લાખનો કોન્ટ્રાક્ટ ચાલુ હોવા છતાં અપુરતી કામગીરીના કારણે કોર્પોરેશનના સોલીડ વેસ્ટ વિભાગ દ્વારા પોતાની રીતે નદીમાં જેસીબી ઉતારીને ત્રણ સ્થળોએ કામગીરી કરવી પડી છે. શહેરના વિવિધ વિસ્તારોમાંથી પસાર થતી વરસાદી પાણીની આવક અને જાવકની કેનાલો, નદીના વિસ્તારોના ૧૦ ભાગ પાડીને સોલીડ વેસ્ટ વિભાગ દ્વારા ગત એપ્રિલ માસથી શરુઆતથી પ્રિમોન્સુન કામગીરી કરવામાં આવી રહી છે. જેનું બજેટ રૂ.૫૦ લાખ જેટલું છે. છતાં તાજેતરમાં કાલાવડના નાકા બહાર નાગમતી



તસવીરઃ હિરેન ગાંધી

નદીના વહેણની કમિશનર દીપેશ કેડિઆ દ્વારા વિઝીટ લેવામાં આવતાં નદીમાં બે સ્થળે ૮૦ ફુટની લંબાઈ, ૩ ફુટની ઉંચાઈ અને પાંચ ફુટની પહોળાઈના બે પાળા નજરે ચડયા હતા. જે સોલીડ વેસ્ટ વિભાગે જેસીબી દ્વારા દુર કરાવ્યા છે. આ જ રીતે સુભાષ બ્રીજ નીચે કોઈએ પાળો રચીને કેમીકલ ધરાવતું ફીણવાળું પાણી બ્લોક કરેલું જોવા મળતાં તંત્રએ આ પાળો પણ તોડીને પાણીના નિકાસની કામગીરી કરાવી હતી. આમ કોન્ટ્રાક્ટરોને લાખો રૂપિયા આપવા છતાં અને એપ્રિલ માસથી કામગીરી કરવા છતાં પણ મ્યુ. તંત્રને ખુદને કેમ કર્મચારીઓ મોકલીને કામગીરી કરાવવી પડે છે? તે સવાલ છે.

# કનસુમરા પાટિયે ટ્રકની ઠોકરે બાઈક ચાલકનું કરૂણ મૃત્યુ



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગરના કનસુમરા પાટિયા નજીક આવેક સવારે ૯ વાગ્યા આસમાપાસ ટેન્કર અને બાઇક વચ્ચે અકસ્માત થયો હતો. જેમાં બાઇક ચાલક મયુર બીપીનભાઈ મકીમ ગંભીર રીતે ઇજાગ્રસ્ત થતાં ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

જોકે, સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હોવાનું જાણવા મળ્યું છે. બનાવની જાણ થતાં પંચકોશી બી-ડિવિઝન પોલીસનો કાફલો તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગયો હતો. પોલીસે મૃતદેહનો કબજો સંભાળી પોસ્ટમોર્ટમ માટે મોકલી આપવાની કાર્યવાહી હાથ ધરી છે.

બીજી તરફ અકસ્માત મામલે પોલીસે ટ્રકના ચાલકની અટકાયત કરી વધુ તપાસ શરૂ કરી છે. અકસ્માત કેવી રીતે સર્જાયો તે અંગે પંચકોશી બી-ડિવિઝન પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. બીજી તરફ અકસ્માતને લઈને બનાવ સ્થળે ક્ષણિક ટ્રાફિક જામના દશ્યો સર્જાયા હતા.

# જામજોધપુરના બે પૉલીસ કર્મીઓને લાંચ મામલામાં એક વર્ષની જેલસજા

**સમય સંદેશઃ જામજોધપુર**

જામજોધપુરમાં રહેતા અજય મનસુખલાલ સુરેજા તારીખ ૬/૧/૨૦૧૩ ના જામજોધપુર પંથકમાંથી બાઈક લઈને પસાર થતા હતા ત્યારે પોલીસ કર્મચારી નારણભાઈ વિરમભાઈ ગઢવી અને લખુભા ગંભીરસિંહ રાઠોડ એ તેમના બાઇકની ડેકીની તલાસી લેતા દારૂના બે પાઉચ મળી આવ્યા હતા આથી આ કેસ નહિ કરવા માટે રૂપિયા ૨૦,૦૦૦ ની લાંચની રકમ માગણી કરવામાં આવી હતી અને અંતે રૂ.૧૮૦૦૦ માં નક્કી થયું હતું.

જે અંગે લાંચ રૂશ્વત વિરોધી શાખાને ફરિયાદ કરવામાં આવતા તારીખ ૮/૧૨/૨૦૧૩ ના રોજ છટકુ ગોઠવાયું હતું. જેમાં નારણભાઈએ પૈસા લેવા માટે લખુભા રાઠોડને મોકલ્યા હતા અને તે લાંચ લેતા ઝડપાઈ ગયા હતા. આ પછી લાંચ રૂશ્વત વિરોધી શાખાના પોલીસ સ્ટાફે બંને પોલીસ કર્મચારી સામે ગુનો નોંધ્યો હતો અને અદાલતમાં ચાર્જ સીટ રજૂ કર્યું હતું. આ અંગેનો કેસ જામનગર સેસન્સ અદાલતમાં ચાલી જતા સાત સાહેદોને તપાસવામાં આવ્યા હતા અને ૪૦ દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરવામાં આવ્યા હતા. આ પછી ફરિયાદી અને આરોપી વચ્ચે સમાધાન થયું હશે. આથી સરકારી વકીલે દલીલ કરી હતી કે ફરિયાદી જો ફરી જાય અથવા સાહદ હોસ્ટાઇલ જાહેર થાય તો પણ તેમની જુબાનીના રિલેવેન્ટ પેરાને ધ્યાને લઈ શકાય.

આ કેસમાં ફરિયાદીએ એમ જણાવ્યું હતું કે પોતાની બાઈક ગેરેજવાળાને રીપેરીંગ માટે આપી હતી જે લેવા જતા રૂ.૧૮૦૦૦ ની ખર્ચ અને મજૂરીની રકમ માંગણી કરવામાં આવતા અને પોતાની પાસે પૈસા નહિ હોવાથી આ પોલીસ કર્મચારીની મદદ લીધી હતી. આ પછી પોતાને બાઈક મળી ગયું હતું. જ્યારે ગેરેજવાળા ને ચૂકવવાના ૧૮૦૦૦ ની રકમ આ પોલીસ કર્મચારીને ચૂકવવા જતા એ વેળાએ તેને ઝડપી લીધા હતા.

આ ઉલટ તપાસ દરમિયાન ગેરેજવાળો પણ મિકેનિક છે કે કેમ? સાબિત થઈ શક્યું ન હતું. ફરિયાદી, આરોપી અને ગેરેજ વાળાએ એક સંપ કરીને આ ખોટી વાર્તા રજૂ કરી છે. તેમ સરકારી વકીલે દલીલો કરી હતી. તમામ દલીલો સાંભળ્યા પછી સેશન્સ જજ એન આર જોશી એ બંને પોલીસ કર્મચારીને એક વર્ષની કેદની સજા અને રૂપિયા ૧૫૦૦૦ ના દંડનો હુકમ કર્યો છે. આ કેસમાં સરકાર પક્ષે વકીલ દીપક આર ત્રિવેદી રોકાયા હતા.

# પાણી મામલે જામનગરમાં યુવક પર હિચકારો હુમલો

## મહિલાઓ સહિત ત્રણ સામે પૉલીસ ફરિયાદ

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરના યોગેશ્વરનગર-૨, શેરી નં-૪ મા રહેતા કિશોરસિંહ ચંદુભા જાડેજા (ઉ.વ.૨૯)એ પાડોશી એવા આરોપી અજયભાઇ ઉર્ફે અજલો બાવો, હિતેશ અજયભાઇ, અજયના ભાભી સામે નોંધાવેલી ફરિયાદ અનુસાર ફરિયાદ મુજબ, પાણીની લાઇન માટે ખાડો ખોદવામાં આવતા તેનો ખાર રાખીને પડોશમાં રહેતા અજયભાઈ ઉર્ફે અજલો બાવો, હિતેશ અજયભાઈ તથા અજયભાઈના ભાભીએ એકસંપ થઈ ઝઘડો કર્યો હતો. ફરિયાદમાં લગાવેલા આરોપ અનુસાર હિતેશ અજયભાઈએ લોખંડની સળીયા વડે હુમલો કરી માથામાં ઈજા પહોંચાડી, જ્યારે અજયભાઈ ઉર્ફે અજલો બાવોએ ઢીકાપાટુનો માર માર્યો અને અજયભાઈના ભાભીએ લાકડી વડે શરીરે આડેધડ માર મારી ઈજા પહોંચાડી હતી. ઉપરાંત ત્રણેય આરોપીઓએ જાનથી મારી નાખવાની ધમકી આપી હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કર્યો હોવાનો પણ ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો છે.

આ બનાવ અંગે સીટી 'એ' ડિવિઝન પોલીસે ફરિયાદી કિશોરસિંહ જાડેજા ની ફરિયાદ ના આધારે ત્રણેય આરોપીઓ સામે ભારતીય ન્યાય સંહિતાની સંબંધિત કલમો તેમજ ગુજરાત પોલીસ અધિનિયમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# જામનગર તાબેના વિભાપરની સગીરાના અપહરણની રાવ બાદ પૉલીસ ઍક્શનમાં

**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લાના વિભાપર ખાતે રહેતા ફરિયાદીની ૧૨ વર્ષની ઉમરની દીકરી પોતાના ઘરે હતી ત્યારે તા. ૦૬ જુલાઈના રોજ બપોરે આશરે ૧૨ વાગ્યાના સમયે અજાણ્યો વ્યકિત સગીરાને લલચાવી-ફોસલાવી તેણીનું અપહરણ કરી ગયો હતો. દીકરી લાપતા બનતા પરિવાર દ્વારા ઉચ્ચક જીવે પાડોશીઓની પૂછપરછ અને સગા-સબંધીઓનો ટેલિફોનિક સંપર્ક હાથ ધરાયો હતો.

જો કે, સગીરાની ક્યાંય ભાળ ન મળતા અંતે સગીરાની માતાએ બેડી મરીન પોલીસ મથકમાં અજાણ્યા શખ્સ સામે ફરિયાદ નોંધાવતા પોલીસે અપહરણની કલમ તળે ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. હાલ પોલીસની ટીમે સગીરાની શોધખોળ શરૂ કરી સગીરા ક્યાં અને કઈ પરિસ્થિતિમાં ગઈ તે અંગે વિવિધ દિશામાં તપાસ

અનુ પાના નં.૨ પર

# રાજ્યપાલ આચાર્ય દેવવ્રત રવિવારે જામનગરની મુલાકાતે

## જામનગર નજીક આવેલા લાખાબાવળ ગામે વેદગર્ભ વિહાર કેન્દ્રની લેશે મુલાકાત



**સમય સંદેશઃ જામનગર**

જામનગરમાં ગર્ભોપનિષદ ફાઉન્ડેશન અને મધુરદ્વૈત આશ્રમ ચેરિટેબલ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે ગર્ભ વિજ્ઞાન અને ગર્ભ સંસ્કાર માટે લાખાબાવળ ખાતે ખાસ તૈયાર કરવામાં આવેલાં વેદગર્ભ વિહાર (ઇકો વિલેજ) અને ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ગાંધીનગર સંલગ્ન તપોવન સંશોધન કેન્દ્ર ના લોકાર્પણ માટે ગુજરાત રાજ્યના મા. રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતજી ૧૨ જુલાઈ રવિવારે જામનગરના લાખાબાવળ સ્થિત 'વેદગર્ભ વિહાર' ની મુલાકાતે પધારી રહ્યા છે.

ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીના પૂર્વ પ્રાચાર્ય અને ગોવિશ્વ વિદ્યાપીઠમ્ ના કુલગુ પ્રસિદ્ધ આયુર્વેદાચાર્ય ડો હિતેશ જાનીના માર્ગદર્શનથી ગર્ભ સંસ્કાર અને ગર્ભ વિજ્ઞાનનું આ વિશેષ સંશોધન કાર્ય આગળ વધી રહ્યું છે, ત્યારે આ કાર્ય ને પ્રત્યક્ષ નિહાળવા અને પ્રોત્સાહન માટે મા. રાજ્યપાલ આચાર્ય શ્રી દેવવ્રતજી ખાસ ઉપસ્થિત રહેનાર છે, તે જામનગર માટે ગૌરવની બાબત બની રહશે! આ લોકાર્પણ સમારોહમાં સન્માનનીય મહાનુભાવો જામનગર ના સાંસદ પૂનમબેન માડમ રાજ્યના શિક્ષા રાજ્યમંત્રી રીવાબા જાડેજા, જામનગર ના મેયર મોનિકા બેન વ્યાસ, આઈ ટી આર એ ના ડાયરેક્ટર ડો. તનુજા નેસરી તથા ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીના કુલપતિ ડો શ્રી નરેશ જૈન અને ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિ ડો ટી એસ જોષી તથા આયુર્વેદ વ્યાસપીઠ કેન્દ્રીય અધિકારીઓ અને રાજયના પદાધિકારીઓ તથા લાખાબાવળ અને ગ્રામ્ય વિસ્તાર ના અગ્રણીઓ ખાસ ઉપસ્થિત રહેશે.

રવિવાર દિનાંક ૧૨ જુલાઈ ના સવારે ૯:૦૦ કલાકે યોજાયેલા આ લોકાર્પણ ના કાર્યક્રમ માટે ગર્ભોપનિષદ ફાઉન્ડેશનના સી ઈ ઓ અને જાણીતા આયુર્વેદિક ગાયનેકોલોજિસ્ટ ડો.કરિશ્મા બહેન નારવાણી દ્વારા લોકોને ઉપસ્થિત રહેવા અનુરોધ કરાયો છે.

# દ્વારકામાં પૈસાની લેતી-દેતીના મુદ્દે હુમલો

**સમય સંદેશઃ દ્વારકા**

દ્વારકાના ઇસ્કોન ગેઈટ સામે રહેતા દેવીયાભાઈ લખમણભાઈ કારીયા નામના ૩૭ વર્ષના ગઢવી યુવાને પોતે હાથ ઉછીના આપેલા પૈસાની ઉઘરાણી ખીમાભાઈ દેશુર લુણા (રહે. ભોગાત તા. કલ્યાણપુર) પાસે કરતા આ બાબતથી ઉશ્કેરાઈને આરોપી એવા ભોગાત ગામના ખીમા દેશુર સાથે પુંજા દેશુર, માધા દેશુર અને દેશુર ખીમા નામના ચાર શખ્સોએ તેમને બિભત્સ ગાળો ભાંડી, જાનથી મારી નાખવાની ધમકી આપતા તેમને વધુ સારવાર અર્થે જામનગરની જી.જી. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. આ સમગ્ર પ્રકરણ અંગે કલ્યાણપુર પોલીસે તમામ ચાર શખ્સો સામે બીએનએસ અને જી.પી. એક્ટની કલમ હેઠળ ગુનો નોંધ્યો છે.

# શ્રી જૈન દર્શન ઉપાસક સંઘ (પેલેસ)માં ચાતુર્માસ પ્રવેશ સામૈયુ

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરમાં સાધુ-સાધ્વીજી મ.સા.ના ચાતુર્માસ પ્રવેશ ચાલી રહ્યા છે. ત્યારે ગઈકાલે સવારે શ્રી જૈન દર્શન ઉપાસક સંઘ (પેલેસ) ભવ્ય ચાતુર્માસ પ્રવેશનું સામૈયુ યોજાયું હતું. પરમ પૂજય





તસવીરઃ હિરેન ગાંધી

યુગપ્રધાન આચાર્યસમ પંન્યાસ પ્રવર શ્રી ચંદ્રશેખર વિજયજી મહારાજાના વિનેય શિષ્ય રત્ન પરમ પૂજ્ય આચાર્ય ભગવંત મેઘદર્શનસૂરીશ્વરજી મહારાજ સાહેબ પૂજ્ય મુનિરાજ દિવ્યશરણ વિજયજી મહારાજ સાહેબ આદિ તથા પૂજ્ય આચાર્ય ભગવંત શ્રીકલાપૂર્ણ સૂરીશ્વરજી મહારાજ સાહેબના સમુદાયના પૂજ્ય સાધ્વીજી જયધર્માશ્રીજી મહારાજ સાહેબ આદિનો ગઈકાલે સવારે ૬.30 કલાકે ડી.કે.વી. કોલેજ પાસેથી સ્વાગત યાત્રા શરૂ થઈ હતી. જેમાં સ્વાગત યાત્રા સામૈયામાં વિવિધ વેશભૂષામાં પાઠશાળાના બાળકો, શુભ-શુકનો સાથે સૌભાગ્યવતી બહેનો બેડા સાથે મંગલ કરાવતી બહેનો સંઘના ટ્રસ્ટીઓ, સંઘના શ્રેષ્ઠીઓ તથા સંઘના શ્રાવક-શ્રાવિકાઓ તથા બાળકો મોટી સંખ્યામાં જાડાયા હતાં. આ ઉપરાંત જૈનેતરો પણ જાડાયા હતાં. ચાતુર્માસ પ્રવેશ બાદ આચાર્ય ભગવંત આદિ ગુરૂ ભગવંતોના મંગલ પ્રવચનો થયા હતાં. ત્યારબાદ પ્રવેશમાં પધારેલા સર્વે ભાવિકોને નવકારશીનો લાભ આપવામાં આવ્યો હતો.

# બોગસ મંડળીઓ મુદે ખેડૂતો સાથે થયેલા દસ્તાવેજી કૌભાંડ અંગે તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ

**સમય સંદેશઃ વિસાવદર (હરેશ મહેતા દ્વારા)**

વિસાવદર તાલુકાનાં કાલસારી ગામના ખેડૂત રતિલાલ વઘાસિયા દ્વારા ગંભીર આક્ષેપો સાથે એક અરજી રજૂ કરવામાં આવી છે, જેમાં જમીન સંબંધિત દસ્તાવેજોમાં થયેલા કૌભાંડ અને છેતરપીંડી અંગે વિસ્તૃત વિગતો આપવામાં આવી છે.

અરજી મુજબ, અરજદારની જમીન સર્વે નંબર ૧૬૯/પૈકી ૨ હેઠળ આવેલી હોવા છતાં, તેમના આધાર કાર્ડ કે જરૂરી દસ્તાવેજોના આધારે કોઈપણ પ્રકારનો રેકોર્ડ સરકાર પોર્ટલ પર રજૂ કરવામાં આવ્યો નથી. તેમ છતાં, સંબંધિત સહકારી સંસ્થાઓ અને વ્યક્તિઓ દ્વારા ખોટા હસ્તાક્ષરો અને અંગૂઠાના નિશાન બનાવી દસ્તાવેજી પ્રક્રિયા પૂર્ણ કરી દેવામાં આવી હોવાનો આક્ષેપ છે.

આ સમગ્ર મામલે અરજદાર દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે તેઓ ક્યારેય કોઈ સહકારી સંસ્થાના સભ્ય



રહ્યા નથી અને તેમણે કોઈ પણ પ્રકારના દસ્તાવેજો પર સહી કરી નથી. છતાં, કાલસારી ગામના કેટલાક લોકો દ્વારા મોટા પાયે છેતરપીંડી કરવામાં આવી હોવાની ફરિયાદ નોંધાવવામાં આવી છે.

આ બાબતે જિલ્લા રજિસ્ટ્રાર તેમજ પોલીસ વિભાગ દ્વારા હજુ સુધી કોઈ અસરકારક કાર્યવાહી કરવામાં આવી નથી, જેના કારણે અરજદાર સહિત અન્ય ખેડૂતોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. વધુમાં, આ કેસમાં સંડોવાયેલા એક વ્યક્તિ ભાજપ સાથે સંકળાયેલા હોવાના કારણે કાર્યવાહી અટકાવવામાં આવી રહી હોવાના આક્ષેપો પણ કરવામાં આવ્યા છે. અરજદાર દ્વારા રાજ્ય સરકાર અને સંબંધિત અધિકારીઓને વિનંતી કરવામાં આવી છે કે આ સમગ્ર પ્રકરણમાં તાત્કાલિક તપાસ હાથ ધરવામાં આવે, દોષિતોને કડક સજા કરવામાં આવે અને નિર્દોષ ખેડૂતોને ન્યાય અપાવવામાં આવે.

# જામ્યુકોની જન્મ-મરણ શાખામાં દાખલા માટે કૉમ્ટ સ્ટેમ્પથી મુક્તિ મળતાં રાહત

**સમય સંદેશઃ જામનગર**

જામનગર મહાનગરપાલિકાની જન્મ-મરણ શાખામાં કરવામાં આવતી જન્મ કે મરણના દાખલા મેળવવા માટે કરવામાં આવતી અરજીમાં રૂ. ૧-૧ વાળી ૩ એટલે કે, રૂ.૩ની કોર્ટ ટીકીટ લગાડવાની પ્રથા મ્યુ. શાસકોએ અધિકારીઓનો લીગલ અભિપ્રાયય લઈને ગત મહિનાથી બંધ કરાવી છે.

આ ઉપરાંત ૨૦૧૯ પહેલાના જન્મ-મરણના દાખલા માટે લોકોને સાયબર કાફેના થતા ધક્કા નિવારવા શાસકો દ્વારા કોર્પોરેશનની જન્મ-મરણ શાખાના ચાર ફાજલ કાઉન્ટરો ઉપર નેટ કનેકશન ધરાવતા કોમ્પ્યુટરોમાં આ કામગીરી શરુ કરાવવા તજવીજ હાથ ધરવામાં આવી છે. જો કે, છેલ્લા એક માસથી ફોર્મમાં ટીકીટ લગાડવાની પ્રથા બંધ થઈ હોવાની નાગરિકોને જાણથાય તે માટે જન્મ-મરણ વિભાગના કોઈ અધિકારી દ્વારા કોઈ તસ્દી લેવામાં આવી નથી. તેથી લોકો હજી પણ ટીકીટો શોધવા ધક્કા ખાય છે.

કોર્પોરેશનની જન્મ મરણ શાખામાં અઢી દાયકા જેટલા લાંબા સમયથી લોકો ફોર્મ ખરીદવા આવે ત્યારે જ તેઓને કર્મચારીઓ જાણ કરે છે કે, રૂ.૩ની કોર્ટ સ્ટેમ્પ (ટીકીટ) ખરીદવાજવું પડશે. તેથી નાગરિકો બીચારા વાર લાગી જશે તો લાઈન વધુ લાંબી થઈ જશે. તેમ ગણીને હાંફળા-ફાંફળા ટીકીટ લેવા દોડતા જોવા મળતા હતા. પરંતુ તા.૧૦ જુન પછી મેયર મોનિકાબેન વ્યાસ, ડે. મેયર રાકેશભાઈ ડેર, ચેરમેન ધીરેનભાઈ મોનાણી, શાસક જુથના નેતા અમરભાઈ મોદી, દંડક પ્રવિણાબેન રૂપડીયાએ મ્યુ.કમિશનર દીપેશ કેડિઆ, ડે. કમિશનર દેવેન્દ્રસિંહ ઝાલા સહિતના અધિકારીઓ સાથે બેઠક યોજીને નાગરિકોને રૂ.૩ ની ટીકીટ લગાડવામાંથી મુક્તિ અપાવવા મસલતો કરી હતી.

બાદમાં અધિકારીઓએ કાયદેસરતા ચકાસી લીધા બાદ શાસકોએ જન્મ મરણ શાખાના અધિકારીને સુચના આપીને ફોર્મ સાથે ટીકીટ ચોંટાડવાની પ્રથા બંધ કરાવી હતી. પરંતુ અધિકારીઓ દ્વારા કચેરીના ફોર્મ વિતરણ કાઉન્ટર ઉપર કે દિવાલ ઉપર નોટીસ ચોંટાડવાની તસ્દી લેવામાં આવી નથી. પરિણામે તા.૮ જુલાઈના રોજ પણ લોકો રૂ.૧-૧ વાળી ૩ એટલે કે, રૂ.૩ની કિંમતની કોર્ટ ટીકીટ લેવા હડિયાપટ્ટી કરતા જોવા મળે છે.

# જામનગરના ખીજડિયામાં ગેરકાયદે ખોદખામ પર ખાણ ખનિજ વિભાગ દ્વારા પડાતો દરોડો

## ૩૫ લાખનો મુદ્દામાલ જપ્તઃ ભૂસ્તર સહિતના વિભાગોની કાર્યવાહી બાદ પૉલીસે મોરચો સંભાળ્યો

**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લાના ખીજડિયા ગામ ખાતે ગેરકાયદેસર ખનિજ ખનન સામે ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજ વિભાગ દ્વારા વધુ એક અસરકારક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ફરિયાદના આધારે તપાસ માટે પહોંચેલી વિભાગની ટીમે બિનઅધિકૃત રીતે સોફ્ટ મોરમ ખનિજનું ખનન કરતા એક હિટાચી મશીન ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મળતી માહિતી મુજબ તા.૮ જુલાઈ, ૨૦૨૬ના રોજ મોજે ખીજડિયા ગામે ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજ વિભાગ, જામનગરની તપાસ ટીમે સ્થળ પર તપાસ દરમિયાન ગેરકાયદેસર રીતે સોફ્ટ મોરમ

અનુ પાના નં.૨ પર



તસવીરઃ હિરેન ગાંધી

# ખંભાળિયામાં બેંક ખાતા ભાડે આપી નાણાં રળી લેવાની લાલચ મામલે ચારની અટકાયત

## મુખ્ય આરોપીને દબોચવા ચક્રો ગતિમાનઃ ૬૬ લાખના બેંક વ્યવહાર સબબ સાયબર ક્રાઈમ પૉલીસની કવાયત



**સમય સંદેશઃ ખંભાળિયા**

દેવભૂમિ દ્વારકા જિલ્લા સાયબર ક્રાઈમ પોલીસ દ્વારા જાહેર કરવામાં આવેલી વિગત મુજબ રાજકોટ રેન્જ આઈ.જી. નિર્લિપ્ત રાય તેમજ દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડા જયરાજસિંહ વાળાની સૂચના મુજબ જિલ્લામાં બનતા સાયબર ક્રાઈમ અંગેના ગુનાઓ સામે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

જેમાં ડીવાયએસપી મીત રુદ્દલાલના માર્ગદર્શન હેઠળ જિલ્લા સાયબર ક્રાઈમ પોલીસ મથકના પી.આઈ. એચ.જી. રાઠોડ તેમજ તેમની ટીમ દ્વારા ખંભાળિયાના ગાયત્રીનગર વિસ્તારમાં રહેતા યોગીરાજસિંહ દશરથસિંહ ચુડાસમા, ભાણવડ તાલુકાના માનપર ગામના અરશી મારખીભાઈ બેરા, ભાણવડના કુંભાર પાડો વિસ્તારમાં રહેતા શિવમ અરવિંદભાઈ વિસાવાડીયા અને ભાવનગર જિલ્લાના તળાજા ખાતે રહેતા સિદ્ધરાજસિંહ વીરેન્દ્રસિંહ ગોહિલ નામના ચાર શખ્સોને ઝડપી લઇ, ગેરકાયદેસર બેંક ટ્રાન્જેક્શન સંદર્ભે વિવિધ બાબતો ખુલવા પામી હતી. ખંભાળિયાની બેન્ક ઓફ ઈન્ડિયા તથા ભાણવડની સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાના બેન્ક એકાઉન્ટના ધારકો તેમજ મળતીયાઓ વિરુદ્ધ જિલ્લા

અનુ પાના નં.૨ પર

# દ્વારકાના રૂપેણ બંદરમાં સામાન્ય બોલાચાલી બાદ પરિવાર પર જીવલેણ હુમલો

## પુત્રના ફોન બાદ સમજાવવા ગયેલા પિતા પર ટોળાનો ઘાતકી હુમલોઃ પાઈપ-લાકડીના પ્રહારથી પરિવાર લોહીલુહાણ, પોલીસે હાથ ધરી કડક કાર્યવાહી

**સમય સંદેશઃ દ્વારકા**

દેવભૂમિ દ્વારકાના રૂપેણ બંદર વિસ્તારમાં આવેલા દાતારી ચોકમાં ગઈકાલે છોકરાઓ વચ્ચે થયેલી સામાન્ય બોલાચાલીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું, જેમાં એક જ પરિવારના સભ્યો પર જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો. લોખંડના પાઇપ અને લાકડાના ધોકા જેવા ઘાતક હથિયારો સાથે આવેલા ટોળાએ એક પ્રૌઢ, તેમના પુત્ર અને પત્નીને નિશાન બનાવી ગંભીર ઇજાઓ પહોંચાડી હતી. આ સમગ્ર હિંસક ઘટનાને પગલે દ્વારકા પોલીસે તાકીદે કાર્યવાહી હાથ ધરીને ૧૬ શખ્સો સામે રાયોટિંગ સહિતની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. આ સાથે જ પોલીસે ઝડપાયેલા આરોપીઓને ગઈકાલે ઘટનાસ્થળે લઈ જઈને સમગ્ર ઘટનાનું રિ-કન્સ્ટ્રક્શન પણ કરાવ્યું હતું.





આ મામલે ફરિયાદી ઉમરભાઈ ઓસમાણભાઈ લુચાણીએ જણાવ્યું હતું કે, તેમના પુત્ર અલ્તાફે ફોન કરીને દાતારી ચોકમાં અંસાર અને અસ્લમ ઇસબાણી વચ્ચે ઝઘડો થયો હોવાની જાણ કરી હતી. આ સાંભળીને ઉમરભાઈ તુરંત જ ત્યાં પહોંચ્યા હતા અને બંને પક્ષોને શાંત પાડી સમજાવવાનો પ્રયાસ કરીને પોતાના ભત્રીજા અંસારને ઘરે લઈ ગયા હતા. જોકે, આ સમાધાન લાંબુ ચાલ્યું નહીં અને થોડી જ વારમાં બે મોટરસાયકલ પર છ શખ્સો લોખંડના પાઇપ તેમજ લાકડાના ધોકા સાથે ધસી આવ્યા હતા. આ છ શખ્સોની પાછળ તેમના પરિવારના અન્ય ૧૦ સભ્યો પણ લાકડીઓ સાથે ત્યાં આવી પહોંચ્યા હતા અને ૧૬ શખ્સોના ટોળાએ પરિવારને બિભત્સ ગાળો આપી હુમલો કરી દીધો હતો.

હુમલાખોરોએ ઉમરભાઈને નીચે પાડીને લોખંડના પાઇપ અને ધોકા વડે બેરહેમીથી માર માર્યો હતો, જ્યારે વચ્ચે બચાવવા આવેલા તેમના પત્નીને ધક્કો મારી દેતા તેમને મોઢાના ભાગે ઇજા થઈ હતી. આ ઉપરાંત, તેમના પુત્ર અલ્તાફને માથાના ભાગે ગંભીર ઇજા પહોંચતા તેને છ ટાંકા આવ્યા હતા. સ્થાનિક લોકોએ વચ્ચે પડીને પરિવારને વધુ માર ખાતા બચાવ્યો હતો, જેથી હુમલાખોરો જતાં-જતાં જાનથી મારી નાખવાની ધમકી આપીને ફરાર થઈ ગયા હતા. ઇજાગ્રસ્તોને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે દ્વારકાની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ફરિયાદના આધારે પોલીસે ગેરકાયદે મંડળી રચી હુમલો કરવા અંગેનો ગુનો નોંધી, ગઈકાલે જ ઘટનાસ્થળનું પંચનામું અને રિકન્સ્ટ્રક્શનની કાર્યવાહી પૂર્ણ કરી કાયદેસરના પગલાં લીધા છે.

# ભાણવડમાં ગેરકાયદે કાપેલા વૃક્ષોના લાકડા સાથે બે પીકઅપ વાહન ઝડપાયા

## ૧૦.૨૮ લાખનો મુદ્દામાલ જપ્ત, બે ચાલકો સામે વૃક્ષ કાપ પ્રતિબંધ કાયદા હેઠળ કાર્યવાહી



**સમય સંદેશઃ ભાણવડ**

એસઓજીના પોલીસ સબ ઇન્સ્પેક્ટર ડી.એ. વાળા તથા તેમની ટીમ ભાણવડ પોલીસ મથક વિસ્તારમાં પેટ્રોલિંગ અને જરૂરી કામગીરીમાં હતી. તે દરમિયાન ખાનગી બાતમીના આધારે માહિતી મળી હતી કે પોરબંદર તરફથી બે અલગ-અલગ બોલેરો પીકઅપમાં ગેરકાયદેસર રીતે કાપેલા વૃક્ષોના લાકડાનો મોટો જથ્થો ભરી વેચાણ માટે લઈ જવાઈ રહ્યો છે.

બાતમીને આધારે પોલીસે વોચ ગોઠવી હતી. થોડા સમય બાદ બંને શંકાસ્પદ પીકઅપ વાહનો આવતા તેમને રોકી તપાસ હાથ ધરવામાં આવી હતી. વાહનોમાં કાળી તાડપત્રીની આડમાં મોટી માત્રામાં લાકડાં ભરેલા મળી આવ્યા હતા. પૂછપરછ દરમિયાન બંને ચાલકોએ લાકડાં પોરબંદર જિલ્લાના નાગકા ગામની સીમમાંથી કાપી જામનગરના વિવિધ કારખાનાઓમાં વેચાણ માટે લઈ જતા હોવાનું જણાવ્યું હતું.

પોલીસે લાકડાંના પરિવહન માટે જરૂરી કોઈ પરવાનગી, મંજૂરી કે અન્ય આધાર પુરાવા માંગતા બંને ચાલકો કોઈપણ દસ્તાવેજ રજૂ કરી શક્યા નહોતા. જેના આધારે પોલીસે અંદાજે રૂ. ૨૮ હજાર કિંમતના ૫૫૦ મણ લાકડાં તેમજ રૂ. ૧૦ લાખ કિંમતના બે બોલેરો પીકઅપ સહિત કુલ રૂ. ૧૦.૨૮ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ મામલે બંને આરોપીઓ સામે ધી સૌરાષ્ટ્ર ફેલિંગ ઓફ ટ્રીઝ (પ્રતિબંધ) અધિનિયમ, ૧૯૫૧ હેઠળ ગુનો નોંધવાની કાર્યવાહી કરી વધુ તપાસ માટે સમગ્ર કેસ ભાણવડ પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો છે.

આ સફળ કામગીરી જિલ્લા એસઓજીના પોલીસ ઇન્સ્પેક્ટર વી.એ. રાણાના માર્ગદર્શન હેઠળ પોલીસ સબ ઇન્સ્પેક્ટર ડી.એ. વાળા, એએસઆઈ સજુભા હમીરજી જાડેજા, દેવેન્દ્રસિંહ જટુભા જાડેજા, ભરતભાઈ મારખીભાઈ બેડીયાવદરા, ચિરાગસિંહ ભીખુભા જાડેજા, પોલીસ હેડ કોન્સ્ટેબલ નિતેશભાઈ દાનાભાઈ સાદીયા તથા પોલીસ કોન્સ્ટેબલ ધર્મેન્દ્રસિંહ ગુમાનસિંહ જાડેજા સહિતની ટીમે અંજામ આપી હતી.

# જામનગર શહેરના મૉબાઈલ વિક્રેતાઓને ડૉક્યુમેન્ટ સાથે પૉલીસમાં હાજર રહેવા તાકિદ

**સમય સંદેશઃ જામનગર**

જામનગર પોલીસ દ્વારા જણાવાયું છે કે વિસ્તારમાં મોબાઇલની લે-વેચ સાથે સંકળાયેલા તમામ વેપારીઓએ પોતાની દુકાનમાં મોબાઇલની ખરીદી-વેચાણ માટે રાખવામાં આવતા રજિસ્ટરો, ગ્રાહકોની સંપૂર્ણ વિગતો, ઓળખના આધાર પુરાવા તેમજ સંબંધિત અન્ય દસ્તાવેજો સાથે આગામી બે દિવસમાં સીટી 'બી' ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે રૂબરૂ હાજર રહી નોંધણી અને માહિતી આપવાની રહેશે. આ કામગીરી માટે પોલીસ કોન્સ્ટેબલ પ્રહલાદસિંહ વનરાજસિંહ જાડેજા - મોબાઇલ નં.૭૫૬૭૮ ૪૧૨૬૩ અથવા પોલીસ કોન્સ્ટેબલ નિલેશભાઈ વજશીભાઈ ઠાકરિયા - મોબાઇલ નં. ૮૯૮૦૧ ૮૩૭૦૪ નો સંપર્ક સાધવા સીટી બી ડિવિઝનના પોલીસ ઇન્સ્પેક્ટર એન એમ ગઢવી દ્વારા અનુરોધ કરાયો છે.

અનુ પાના નં.૨ પર

# ખંભાળિયામાં આધેડની કરપીણ હત્યા મામલે થયાં નવતર ખુલાસા

## મુખ્ય સૂત્રધાર ગણાતા હત્યારાએ લાશ તથા પુરાવાઓનો નાશ કરવા પ્રયાસ કર્યો હતો





**સમય સંદેશઃ ખંભાળિયા**

ખંભાળિયામાં રહેતા અને શાકભાજીનો વ્યવસાય કરતા તથા ખૂબ જ મોટી માત્રામાં કિંમતી સોનું પહેરવાનો શોખ ધરાવતા આસીફભાઈ ઓસમાણભાઈ લાખા નામના મુસ્લિમ આધેડને અહીંના વિરમદળ માર્ગ પર લઈ જઈ અને બોથડ તેમજ તીક્ષ્ણ પદાર્થ વડે બેફામ માર મારી તેમની કરપીણ હત્યા નિપજાવવાના પ્રકરણમાં પોલીસે તુરત જ મૃતકના પરિચિત એવા હાજા ભારમલ આસાણી નામના એક શખ્સની અટકાયત કરી, આશરે રૂપિયા સાડા ૨૮ લાખની કિંમતના સોનાના દાગીના સહિતનો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ પ્રકરણમાં કાયદાથી સંઘર્ષિત એક કિશોર પણ સંડોવાયેલો હોવાનું ખુલવા પામ્યું હતું.

આ પ્રકરણમાં દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડા જયરાજસિંહ વાળાની સૂચના મુજબ અહીંના

અનુ પાના નં.૨ પર

PRINTER / PUBLISHER / OWNED BY RATHOD ASHOK LALJI * PRINTED AT TIRTH PRINTING PRESS, PLOT NO. H-1112, UDHYOG, GIDC, B/H.GANPATI MANDIR, LALPUR CHOKDI, JAMNAGAR, DIST.: JAMNAGAR, GUJARAT. * PUBLISHED AT SADHNA COLONY, GATE NO.1, OPP. JALARAM MANDIR, PLOT NO.3, NEAR L-4, RANJITSAGAR ROAD, JAMNAGAR-361005.
EDITOR : RATHOD ASHOK LALJI * Mo.No:8866066060 E-MAIL :samaysandeshnewstv@gmail.com